


- વાદળ વાદળ વરસો પાણી
  મુજને મજા પડે રમવાની
  ઠંડક ઠંડક થાય મારે મન
  ટાઢક ટાઢક થાય મારે મન
  વાદળ વાદળ વરસો પાણી
  જાય નાસી ગરમીની રાણી.


## નવા શબ્દો

ઘેબરિયો ◆ મુશળધાર ◆ રેલમછેલ ◆ ટાઢક

### ૧. સાંભળો અને બોલો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વર | વન | દસ | દમ | સરસ | વજન |
| નર | મન | રસ | જમ | વરસ | નજર |
| દર | જન | નસ | સમ | સમજ | ગરમ |
| સર | દન | જસ | નમ | મગજ | નરમ |


## ૨. ચિત્ર જુઓ અને સ્વચ્છતા વિશે સમજો.





## ૩. અભિનય કરો.


શરીરનાં અંગોની સફાઈનો અભિનય કરો.

## ૪. ઓળખો અને રંગ પૂરો.




## ૫. મોટેથી વાંચો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| નમ | જમ | મગ | વન | જગ | મન |
| નામ | માન | ગાન | વાન | જાન | સાન |
| વેર | દેવ | મેના | રમે | જમે | નમે |

૬. ટપકાં જોડો અને લખો.

૭. આંગળી ફેરવો :

વ ર સ દ

૮. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વ | વ | વ | વ | વ | વ |
| ર | ર | ર | ર | ર | ર |
| સ | સ | સ | સ | સ | સ |
| દ | દ | દ | દ | દ | દ |
| ે | ે | ે | ે | ે | ે |
| વે | | | | | |
| રે | | | | | |
| સે | | | | | |
| દે | | | | | |

૯. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| મગ | | નમ | |
| માગ | | નમે | |
| નમ | | ગમ | |
| નામ | | ગમે | |
| રસ | | જમ | |
| રાસ | | જમે | |
| ગજ | | મન | |
| ગાજ | | મને | |


નમન ગરમ જમ.

ગગન રમત રમે.


મનન, દાદાને નમ.

વરસાદ વરસે.

૧૦. શબ્દ બનાવો.




વેદ





સેવ

## ૧૧. જોડકાં જોડો.



## ૧૨. ટપકાં જોડો – ચિત્ર બનાવો.




## શિક્ષકો માટે

(૧) વધુ શબ્દોનો મહાવરો કરાવો.
(૨) સ્વચ્છતા વિશે સજાગ થાય એવી પ્રવૃત્તિઓ આપો.
(૩) સમૂહમાં અભિનય કરાવો.
(૪) મૂળાક્ષર ઓળખાવી રંગ પૂરાવો.
(૫) આવા ગ, મ, ન, જ, ા અને વ, ર, સ, દ, ે થી બનતા અન્ય શબ્દો મોટેથી વંચાવો.
(૬) લેખન માટેનો મહાવરો કરાવો.
(૭) મૂળાક્ષર ઉપર તીરની દિશામાં આંગળી ફેરવાવો.
(૮) માત્રાવાળા મૂળાક્ષરનો વધુ મહાવરો કરાવો.
(૯) આવાં બીજાં ઉદાહરણોનો મહાવરો કરાવો.
(૧૦) શબ્દો બનાવવાનો મહાવરો કરાવવો.
(૧૧) ચર્ચા અને વિદ્યાર્થીઓના અનુભવ જગતને આધારે જોડકાં જોડાવવાં.
(૧૨) અંક જોડી 'હોડી'નું ચિત્ર પૂર્ણ કરાવવું.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| વ, ર, સ, દ | ે ('એ'ની માત્રા) | • આસપાસની સ્વચ્છતા માટેની વ્યક્તિગત જવાબદારી. |

# ૫ : અમે સૌ

બટાકું રે બટાકું
નદીની રેતમાં ઊગતું
બાળકને એ ભાવતું
શાકનો રાજા કહેવાતું.





એક પાન બીજું પાન
પાનની અંદર પાન
લીલાં ધોળાં પાંદડાં
કોબીજ મારું નામ.

મીઠી કેરી સૌને ભાવે
ઉનાળે એ આંબે આવે
રાજા કહી સૌ બોલાવે
મારા માટે મમ્મી લાવે.





ખાટો મીઠો મારો સ્વાદ
બાળકોને હું આવું યાદ
ઉનાળામાં કરશો ન બાદ
સંતરાં કહીને કરજો સાદ.

ગુલાબનો તો લાલ રંગ
કોમળ કોમળ એનું અંગ
પાંખડીઓનું બને ગુલકંદ
જોઈને સૌ થાય છે દંગ.





પીળા પીળા ગોટા છે.
ફૂલમાં એ ગલગોટા છે.
ફૂલહારમાં એ ઝૂલે છે.
ન સૂંઘે એ ભૂલે છે.

## નવા શબ્દો

આંબો ◆ સ્વાદ ◆ ગુલકંદ ◆ કોમળ ◆ દંગ
અંગ ◆ ફૂલહાર

### ૧. સાંભળો અને બોલો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| નજર | જાગ | મામા | બાકસ | એ | જેસર |
| અમર | નાત | કાકા | સાવજ | બેન | કેસર |
| કરમ | સાદ | દાદા | આવક | વેર | કેરમ |
| અજગર | નાદ | મારા | જાવક | સેર | એકર |
| કાન | નામ | નાના | સમાન | જેમ | દાવેદાર |
| નાક | ગામ | માસા | અનાજ | નેક | આવેદન |
| કામ | બાજ | બદામ | વરસાદ | રેસ | બારેમાસ |
| વાર | દામ | ગાજર | કદાવર | નેમ | છેકછાક |

## ૨. ઓળખો અને ◯ કરો.

### ક


કબૂતર


કાગડો


છાલ


બતક


મકાન

### બ


બકરી


બદામ


કાબર


બટન


ચકલી

### અ


અખરોટ


આંબળા


અનનાસ


તારા


અજગર

### છ


છત્રી



છાપું


છાબડી


પાન


રીંછ